# <u>જાહેર હરાજીની મુસદ્દો</u>

**N.I.T No. 1 / 2019-20**

**<u>ડેડસ્ટોક સાધનોની જાહેર હરાજી અંગેની નોટીસ</u>**

આથી લાગતા–વળગતા તમામને જણાવવામાં આવે છે કે, **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**, વ્યારાનાં ડેડસ્ટોક સાધનોની જાહેર હરાજી અત્રેના **<u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા</u>** ખાતે તા. 16/11/2019 ના રોજ 10:00 કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતાં ઈસમોને હરાજીના દિવસે જણાવેલ સ્થળ ઉપર હરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા વિનંતી છે.

નોંધઃ– હરાજીની શરતોની વિગત NAU.IN વેબ સાઈટ પર તા. 15/11/2019 સુધી જોવા મળશે.

હરાજી સ્થળ:- **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ, ભેંસકાત્રી રોડ,**
**પાનવાડી, વ્યારા, જી. તાપી**

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા,**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**વ્યારા.**

**<u>હરાજીની શરતોઃ–</u>**

૧. હરાજીમાં ભાગ લેનાર ઇસમે રૂા. ૨૫૦૦/–(અંક રૂપિયા પચ્ચીસસો ........ પુરા) ડિપોઝીટ પેટે જમા કરાવ્યા બાદ " બોલી" બોલી શકશે. હરાજી પૂર્ણ થયા બાદ ઉચા ભાવ ભરનાર પ્રથમ, બીજા તથા ત્રીજા સિવાયનાની ડિપોઝીટ પરત કરવામાં આવશે.

૨. જે ઈસમની માંગણી મંજુર કરવામાં આવશે તેમણે હરાજીની વસ્તુઓ તેમના ખર્ચે અને જોખમે પુરેપુરા નાણાં ભરી બે દિવસમાં કચેરીની જાણ હેઠળ કચેરીમાંથી ગેટ પાસ મેળવી લઈ જવાની રહેશે. નિયત સમયમર્યાદામાં હરાજીની વસ્તુઓ અત્રેથી લઈ ન જનાર ઈસમની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

૩. હરાજીમાં જે ઈસમ વધુ રકમથી માંગણી કરશે તેમની બોલી મંજુર કરવામાં આવશે તેમ છતાં હરાજી મંજુર રાખવી કે કેમ? તે હરાજી કરનાર અધિકારીશ્રીઓની મનસુફી પર રહેશે.

૪. હરાજીમાં મૂકેલ વસ્તુઓ જાહેર રજાના દિવસો સિવાય કચેરી કામકાજનાં દિવસોમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં જોઈ લેવી.

૫. હરાજીમાં જે તે ઈસમે ડિપોઝીટ ભરી હશે તે જ ઈસમ હરાજીમાં ભાગ લઈ શકશે.

૬. હરાજીની શરતોની વિગત **NAU.IN** વેબ સાઈટ પર જોઈ લેવી.

૭. હરાજીમાં આવેલ કોઈપણ ભાવો અથવા બધા ભાવો રદ બાતલ કરવા અથવા સ્વીકારવાનો અબાધિત અધિકાર ન.કૃ.યુ., નવસારી પાસે રહેશે.

**હરાજી માટેનું સ્થળઃ– કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ, ભેંસકાત્રી રોડ, પાનવાડી, વ્યારા, જી. તાપી.**

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા,**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**વ્યારા.**